

## પ્રાંતિજ ખાતે શ્રી ધનશ્યામ લાલજીના મંદિર ખાતે ચુંદડી મનોરથ ઉજવાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે અધિક માસને લઈને શ્રી ધનશ્યામ લાલજીના મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યું છે જેમાં ચુંદડી મનોરથ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો. પ્રાંતિજ શાસ્ત્રી બજાર ખાતે આવેલ શ્રી ધનશ્યામ લાલજી મંદિર ખાતે અધિક માસને લઈને વિનોદભાઈ કોદરભાઈ મોદી પરીવારના યજમાન પદે ૫૧ ચુંદડી મનોરથ ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં વૈષ્ણવ સમાજનાં ભાઈ- બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી તો મંદિર વ્યવસ્થા સ્થાપકો દ્વારા યમુનાજીના ઘાટ જેવું આબેહૂબ તૈયાર કરવામાં આવ્યું હતું.

# થરામાં કોંગ્રેસ સમિતી દ્વારા રસ્તા રોકી હાઈવે પર કર્યો ચક્કાજામ

સમગ્ર ગુજરાતમાં ગુજરાત કોંગ્રેસ પાર્ટી દ્વારા ખેડુતોના હિત અને રક્ષણ માટે કોગ્રેસ દ્વારા દરેક જીલ્લા મથક,તાલુકા મથક તેમજ શહેરી વિસ્તારથી લઈ દરેક જગ્યાએ આંદોલન ચાલી રહ્યા છે.તેના ભાગ રુપે કાંકરેજ તાલુકા તેમજ થરા શહેર કોગ્રેસ સમિતી દ્વારા આજે સવારે કંડલા-દિલ્લી નેશનલ હાઈવે નં-૨૭ ઉપર થરામાં કોગ્રેસ સમિતીના કાર્યક્રતાઓ દ્વારા ખેડુતોના હીત માટે તેમજ ખેડુતોનુ થતુ શોષણ અટ્કાવવા, તેમજ ખેડુતોના દેવા નાબુદ કરવા,ખેડુતોને પોતાના ખેત ઉત્પાદનના પોષણક્ષમ ભાવો મળી રહે તેમજ પ્રેટ્રોલ તેમજ ડીઝલના વધારેલા ભાવો જેવા અનેકવિધ મુદાઓને લઈને તથા ખેડુતોના પ્રશ્નોનુ નિરાકરણ આવે તે હેતુથી આજે થરામાં નેશનલ હાઈવે ઉપર ટાયરો સળગાવી આગ ચંપી તેમજ રસ્તા ઉપર આડા બેસીને રસ્તા ઉપર વાહનો રોકી રસ્તો ચક્કાજામ કર્યો હતો.ચક્કાજામ કર્યા બાદ વાહન માલિકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.બનાવની ખબર પડતાંની સાથે થરા પોલિસ ધટનાસ્થળે પહોચીં જીલ્લા પંચાયત સદ્સ્ય તેમજ તાલુકા પંચાયત પ્રમુખ સહિત તમામ કાર્યક્તાઓની ધરપકડ કરી પોલિસ સ્ટેશન લાવ્યા હતા.ત્યારબાદ થોડા સમય પછી દરેક કાર્યકતાઓને છોડી મુકી જેલ મુકત કર્યા હતા.

આ પ્રસંગે ભુપતજી નાગજીજી મકવાણા-(જીલ્લા પંચાયત સદસ્ય), પુરણસિંહ વાઘેલા (જીલ્લા પંચાયત સદસ્ય), વરધીજી મકવાણા(પ્રમુખ કાંકરેજ તાલુકા પંચાયત),હેમુભાઈ જોષી(મહામંત્રી જીલ્લા કોગ્રેસ),દિનેશભાઈ ઠક્કર(પ્રમુખ તાલુકા કોંગ્રેસ), દિનેશભાઈ જાલેરા, કોંગ્રેંસ આગેવાન, લક્ષ્મીરામભાઈ જોષી (તાલુકા સદસ્ય), મહીપતસિંહ વાઘેલા (ઉપ.પ્રમુખ.તાલુકા પંચાયત કાંકરેજ), અલ્પેશ શેઠ (પ્રમુખ થરા શહેર કોગ્રેસ)બાબરભાઈ દેસાઈ (તાલુકા સદસ્ય),મનુભાઈ પરમાર (તાલુકા સદસ્ય), હાર્દીક દેસાઈ, અશોક પરમાર(તાલુકા સદ્સ્ય),પરબતજી(તાલુકા સદસ્ય), સિધ્ધરાજ સિંહ વાઘેલા ખારીયા, અજમલજી(તાલુકા સદસ્ય), હિરભા ડાભી, નવધણભાઈ દેસાઈ,ભરત ઠાકોર, અશ્વિન ઠાકોર,પારજીજી ઠાકોર, સબબસિંગ ડાભી,નાથુસિંહ વગેરે કાર્યક્તાઓ જોડાયા હતા.





## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજાની મુલાકાતે પુરુષોતમ રૂપાલા

ગાંધીનગર જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે ભારત સરકારના કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ રાજ્ય મંત્રી પુરુષોત્તમ રૂપાલા સાહેબની મુલાકાત અને સમીક્ષા મીટીંગ યોજાઈ હતી. આ પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદના કૂલસચિવ રાજેન્દ્રભાઈ ખીમાણી દ્વારા મંત્રીનું સ્વાગત કરવામાં આવેલ. કેન્દ્ર દ્વારા કરવામાં આવતી કામગીરી અને આયોજન વિશે કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો વી.કે.ગર્ગે વિસ્તૃત માહિતી રજૂ કરેલ. મંત્રી દ્વારા પોતાના ઉદ્દબોધનમાં જણાવવામાં આવેલ કે દેશના કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખેડૂતો સુધી નવીનતમ અને આધુનિક કૃષિ તકીનીકો પહોચાડવા માટેની શ્રેષ્ઠ કડી છે. આ કેન્દ્ર દ્વારા ખેત ઓજાર મંડળી, સજીવખેતી, અળસિયા ખાતર નિદર્શન અને નીમ ઓઈલ પ્રોસેસિંગ યુનિટ જેવી પ્રશંસનીય કામગીરી કરવામાં આવે છે જેનો વધુમાં વધુ ખેડૂતોને લાભ મળે તેવું સુચન કરવામાં આવેલ. તેઓ દ્વારા વધુમાં જણાવવામાં આવેલ કે જીલ્લાના કૃષિ અને સંલગ્ન વિભાગો કેવિકે સાથે રહીને કાર્યક્રમોનું આયોજન કરે તો જીલ્લાના વધુમાં વધુ ખેડૂતોને લાભ મળી શકે છે.

# ટૂંકમાં જ પોલીસ લોકરક્ષકની ભરતી થશે

ગાંધીનગર, તા.૯

ગુજરાત પોલીસ તંત્રમાં લોકરક્ષક તરીકે જોડાવવા ઈચ્છુક યુવાનો માટે આનંદના સમાચાર છે. ગુજરાત પોલીસ તંત્રમાં ખાલી પડેલી લોકરક્ષકોની છ હજારથી વધારે જગ્યાઓ ભરવા માટે પોલીસ ભરતી બોર્ડે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે અને આગામી ઓગષ્ટના પ્રથમ અઠવાડીયામાં જાહેરાત પ્રસિધ્ધ કરાશે.

ગુજરાત પોલીસ તંત્રમાં લોકરક્ષકની ૧૩૦૦૦થી વધારે જગ્યાઓ ખાલી છે. પોલીસ તંત્રમાં મહેકમના અભાવે પોલીસની કામગીરીમાં મુશ્કેલીઓ ઉભી થતી રહે છે. છેલ્લા ઘણા સમયથી રાજય પોલીસ ભરતી બોર્ડ દ્વારા લોકરક્ષકોની જગ્યાઓ પર ભરતી કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. પરંતુ ભરતીની પધ્ધતિમાં કેટલાક ફેરફાર કરવા માટે આ જાહેરાત ફાઈલોમાં  અટવાઈ ગઈ છે. લાંબા સમયથી યુવાનો લોકરક્ષકની ભરતીની રાહ જોઈ રહ્યા છે ત્યારે ચૂંટણી પહેલા રાજય સરકારે વિવિધ વિભાગોની ભરતી કરવા તજવીજ હાથ ધરી છે. જયારે કેટલીક ભરતીઓને મંજૂરીઓ પણ આપી દીધી છે. પરિણામે આગામી ઓગષ્ટના પ્રથમ અઠવાડીયામાં લોકરક્ષકની ભરતી માટે જાહેરાત પ્રસિધ્ધ કરવામાં આવશે તેમ ભરતી બોર્ડ સાથે સંકળાયેલા સૂત્રોએ માહિતી આપી હતી.



## ધી ચિલોડા દૂધ ઉત્પાદક મંડળીની રસાકસીભર્યા ચૂંટણી જંગમાં વિજેતા બન્યા

ગાંધીનગર તાલુકાની ચિલોડા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની ૯ બેઠકોની વ્યવસ્થાપન કમિટીની રસાકરીભરી ચૂંટણી જંગલમાં કુલ ૧૮ ઉમેદવારોએ પરિવર્તન પેનલ અને વિકાસ પેનલ દ્વારા ચૂંટણી યોજાઈ હતી. જેમાં કિરીટભાઈ એમ.પટેલ, હસમુખભાઈ બી. પટેલ, જેસંગભાઈ સી. પટેલ, મહેશભાઈ બી. પટેલ, જયંતિભાઈ જી પટેલ, પ્રહલાદભાઈ એ. પટેલ, પ્રવિણભાઈ આર. પટેલ, નિકુંજ બી. પટેલ, તેમજ ભરતભાઈ બી. પટેલ વિજય બન્યા હતા. જયારે નાના સિમાંત ખેડૂત તરીકે રમણભાઈ એ. રાવલ બિનહરીફ બન્યા હતા. આ મંડળીમાં કુલ ૨૮૩ સભાસદોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. પરિણામે મંડળી ખાતે ચૂંટણીનો માહોલ રસાકસીભર્યો અને રસપ્રદ બન્યો હતો.

# આર્થિક રીતે બેહાલ ખેડૂતોના દેવા તાત્કાલિક માફ કરો : હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા.૯

વડોદરા ખાતે યોજાયેલી ચિંતન શિબિરમાં જ ભાજપ સરકારે ગુજરાતનાં ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતાં નહીં હોવાનો સ્વીકાર કરી ખેત ઉત્પાદન વધે તેમજ પશુપાલનને પણ કૃષિ સમકક્ષ દરજ્જો આપવા કરાયેલું મનોમંથન જ બતાવે છે કે કિસાનોનો ભોગ લઈ સત્તા મેળવનાર ભાજપે છેલ્લા ૨૨ વર્ષમાં ખેડૂતોને છેતરીને અન્યાય જ કર્યો છે. ખેડૂતોના નામે મગરનાં આંસુ સારી સત્તામાં ટકી રહેલી ભાજપ સરકારની કૃષિ અને ખેડૂત વિરોધી નીતિનાં કારણે આત્મહત્યા કરવા માટે મજબુર થઈ રહેલા કિસાનોનું હિત જાળવવામાં રૂપાણી સરકાર સદંતર નિષ્ફળ નિવડી હોવાથી તેને એક દિવસ પણ સત્તામાં રહેવાનો અધિકાર નહીં હોવાનું ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે.

સમગ્ર દેશ સહિત ગુજરાતમાં ઉગ્ર બની રહેલા ખેડૂત આંદોલન માટે કોંગ્રેસને જવાબદાર ગણતાં મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીને છેલ્લા ૪ વર્ષમાં મોદી સરકાર તેમજ છેલ્લા ૧૦ વર્ષમાં યુપીએ સરકારે ખેડૂતોને શું આપ્યું તેની જાહેરાત કરવી જોઈએ. ડૉ. હિમાંશુ પટેલે વધુમાં જણાવ્યું છે કે, ૨૨ વર્ષના કુશાસન પછી આગામી ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી કરવા માટે ચિંતન કરવું પડે છે તે જ બતાવે છે કે ભાજપ સરકાર જ ખેડૂતોની આર્થિક બેહાલી માટે જવાબદાર છે. કૃષિ મંત્રીએ પણ સ્વીકારવું પડયું છે કે, કૃષિ અધિનિયમની આઠ બાબતોનો યોગ્ય અમલ કરાતો નથી.

**કંપની સમાચાર**

# જેટકિંગના કેરીયરલક્ષી આઈટી ક્ષેત્રે અભ્યાસક્રમો

જેટકિંગ ભારતની નંબર ૧ ડિઝીટલ સંકિલ્સ ઈન્સ્ટીટ્યુટ છે જે ભારતભરમાં ૧૦૦થી વધુ સેન્ટર સાથે દર વર્ષે હજારો વિદ્યાર્થીઓને કારકિર્દી ઘડતર કરવા તથા નોકરી મેળવવામાં મદદરૂપ થાય છે. જેટકિંગ દ્વારા શીખવાતા અભ્યાસક્રમોમાં આઈટી ઈન્ડસ્ટ્રીઝની જરૂરિયાત પ્રમાણેના છે. જેથી વિદ્યાર્થીઓને નોકરી મેળવવામાં ખૂબ જ સરળતા રહે છે. જેટકિંગનો ખાસ વિભાગ છે જે દરેક વિદ્યાર્થીને અભ્યાસ પૂરો થતા સુધીમાં નોકરી મળી રહે તે માટે હંમેશા કાર્યરત રહે છે. જેટકિંગ સહુથી વધુ નોકરી આપવા માટે લિમ્કા બુક ઓફ રેકોર્ડસમાં સ્થાન મેળવી ચૂકેલ સંસ્થા છે. ડિઝીટલ યુગમાં ડિઝીટલ ટેકનોલોજીને લગતા બેઝિક તથા એડવાન્સ અભ્યાસક્રમો સાથે જેટકિંગ ૧૨ પાસ પછીના દરેક વિદ્યાર્થી માટે એડમીશન આપે છે. જેટકિંગના નવી ટેકનોલોજીના અભ્યાસક્રમો વૈશ્વિસ સંસ્થામાં નોકરી મેળવવામાં ખૂબ જ મદદરૂપ થાય છે. જેટકિંગ સ્સાથાના ગુજરાતમાં અમદાવાદમાં ૨ સેન્ટર છે જેમાં ૧ સીજી રોડ અને ૧ મણીનગરમાં કાર્યરત છે. વધુ માહિતી માટે સેન્ટરનો અથવા વેબસાઈટ જોવા જણાવાયું છે.

## ટીટોઈ એજ્યુકેશન સોસાયટીના ભૂતપૂર્વ ચેરમેન માધુકાકાનું નિધન

મોડાસા,તા.૯

મોડાસા તાલુકાના ટીટોઈ ગામે શ્રી  ટીટોઈ એજ્યુકેશન સોસાયટીના ભૂતપૂર્વ ચેરમેન માધુભાઈ જેઠાભાઈ પટેલનું ૮૯ વર્ષની વયે શુક્રવારે સવારે નિધન થયું છે.માધુકાકા તલાટીના હુલામણા નામથી ઓળખાતા સદગત આંહોજ માતાજી મંદિર ટ્રસ્ટમાં પણ છેલ્લા શ્વાસ સુધી ખજાનચી અને ટ્રસ્ટી તરીકે સતત વર્ષોથી સેવા આપી રહ્યા હતા.તેઓ સામાજિક સેવા સંસ્થાઓ સાથે પણ જોડાયેલા હતા.સદગતનું બેસણું તા.૧૦.૬.૧૮ને રવિવારે ટીટોઈ ખાતે તેમના નિવાસ સ્થાને રાખેલ છે.

# રક્તદાન - મહાદાન

## પાણી-પાણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતી સર્જાઇ ગઇ હતી. ટ્રાફિક પર પણ પ્રતિકુળ અસર થઈ છે. લોકલ ટ્રેન સેવા પર પણ માઠી અસર થઈ છે. કેટલીક જગ્યાએ લોકલ ટ્રેન સેવા ૧૦-૧૫ મિનિટ મોડેથી દોડી રહી છે. જેથી લોકો કેટલીક જગ્યાએ અટવાઈ પડ્યા હતા. ભારે વરસાદને લઈને એલર્ટ વચ્ચે દક્ષિણ પશ્ચિમ મોનસુન મુંબઈમાં પહોંચી ગયુ છે. મુંબઈ અને થાણે જેવા વિસ્તારોમાં સત્તાવાર રીતે મોનસુન પહોંચી જવા માટેની જાહેરાત કરી દેવામાં આવી છે. આજે ભારે વરસાદના લીધે હિંદમાતા, માટુંગા, કુરલા, દાદર સહિતના વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ઉપરાંત મુલુંદ, ઘાટકોપર અને પારેલમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું હતું. ચારેબાજુ પાણી ભરાઈ ગયા હતા. શહેરના ઘણા ભાગોમાં પાણી ભરાઈ જવાના કારણે લોકો અટવાઈ પડ્યા હતા. ટ્રાફિકજામની સ્થિતિ પણ સર્જાઈ હતી. ભારે વરસાદના પરિણામ સ્વરુપે જુદી જુદી એરલાઈન્સોની ફ્લાઈટો અન્ય એરપોર્ટ ઉપર ડાયવર્ટ કરવામાં આવી હતી. ઓછામાં ઓછી નવ ફ્લાઈટોને અન્ય એરપોર્ટ ઉપર ડાયવર્ટ કરવામાં આવી ચુકી છે. ખરાબ હવામાન અને ભારે વરસાદના કારણે વિમાની સેવા ખોરવાઈ ગઈ હતી. બીજી બાજુ મુંબઈની લાઈફલાઈન સમાન ગણાતી મુંબઈની લોકલ ટ્રેન સેવાને પણ માઠી અસર થઈ હતી. સેન્ટ્રલ લાઈન ઉપર લોકલ ટ્રેનો મોડે દોડી રહી છે જ્યારે વેસ્ટર્ન લાઈન ઉપર ટ્રેનો દોડી રહી છે. બીએમસી દ્વારા તમામ અધિકારીઓ અને કર્મચારીઓની શનિવાર અને રવિવારની સાપ્તાહિક રજા પહેલાથી જ રદ કરી દીધી છે. હવામાન વિભાગ તરફથી અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. શહેરના અનેક ભાગોમાં ભારે વરસાદ જારી રહ્યો છે.

## માંગણી

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રાથમિકતા આપવાની દેખાઈ રહી નથી. ૨૦૧૪ની બેઠકોની વહેંચણી ફોર્મ્યુલા પર શિવસેના ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં ભાજપ સાથે ઉતરવા માટે તૈયાર છે. છતાં પણ આનાથી મોટો પ્રશ્ન એ છે કે લોકસભા બાદ વિધાનસભા ચૂંટણીમાં શું કરશે. નિષ્ણાતોની વાત માનવામાં આવે તો લોકસભા ચૂંટણીમાં પોતાની તાકાતને અજમાવી લીધા બાદ શિવસેના વિધાનસભા ચૂંટણીમાં એકલાહાથે પણ મેદાનમાં ઉતરી શકે છે. શુક્રવારના દિવસે શિવેસનાના એક નેતાએ કહ્યું હતુ કે આ અમારા માટે મોટી ભુલ તરીકે રહેશે. જો ભાજપ કેન્દ્રમાં ફરી સત્તામાં વાપસી કરે છે તો મહારાષ્ટ્રના લોકોના મૂડમાં પણ ફેરફાર થશે. આવી સ્થિતિમાં શિવસેના જો ભાજપથી અલગ થઈને મેદાનમાં ઉતરશે તો તેને મોટો ફટકો પડી શકે છે. એમ માનવામાં આવે છે કે આ સપ્તાહની શરૂઆતમાં માતોશ્રી ખાતે ભાજપ પ્રમુખ અમિત શાહે શિવસેના વડા ઉદ્ધવ ઠાકરે સાથે બેઠક યોજી હતી. આ બેઠક દરમ્યાન ઉદ્ધવ ઠાકરેએ શિવસેનાને ૧૫૨ સીટો આપવાની દરખાસ્ત રજુ કરી હતી.

## હા, સાહેબ....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાચા છે અને સમયસરના છે. નહી તો સાહેબ સગો બાપ એની વ્હાલસોયી દીકરીઓને પોતાના હાથે ગોળીઓથી વિંધી શકે ખરો...? કેમ એના હાથ ધ્રુજ્યા નહી... કેમ એની આંખમાં પાણી ન આવ્યું...? પરિવાર આખેઆખુ ખેદાન-મેદાન થઈ જાય ત્યાં સુધી લાગણીની ભીનાશ અડે નહિ ત્યાં સુધી એ બંગલા શા કામના...? એ ગાડીઓ શા કામની...? અને એ કારોબાર શા કામનો...?

“હદ થાય છે હવે... પાછા વળવાનો સમય થયો છે... ચાલો જાત ભણી વળીએ પાછા... બધા આંચળા ફગાવી દઈએ... પદ-પ્રતિષ્ઠાના ટેકણો દફનાવી દઈએ... માત્ર માણસ, લાગણીશીલ માણસ, જાતને પ્રામાણિક માણસ, મૂલ્યનિષ્ઠ માણસની ખોટ પૂરી કરીએ.... સંવેદનશીલ સમાજના નિર્માણ યજ્ઞમાં એક આહુતિ આપણે પણ આપીએ....’’

“હા... સાહેબ... હા...’’

## ગિયર બદલ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માધ્યમિક શાળાઓમાં પણ ગુણોત્સવ જેવા કાર્યક્રમનું આયોજન કરવાની દિશામાં પણ સરકારે સક્રિય વિચારણા હાથ ધરી છે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ સ્વીકાર્યું છે.

આ સૂત્રોએ જણાવ્યું હતું કે માધ્યમિક શિક્ષણ માટે અમલી સરસ્વતી સાધના યોજના અંતર્ગત અપાયેલી સાયકલો પછી પણ આટલો મોટો ડ્રોપ આઉટ કેમ છે? તેને લઈ ગંભીર ચિંતન હાથ ધર્યું છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરકારી માધ્યમિક શાળાઓ તેમજ ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં ગુણવત્તાસભર શિક્ષણ મળે તે દિશામાં હવે સક્રિય રીતે આગળ વધવા માગે છે અને એટલે જ માધ્યમિક શાળાઓમાં ખાલી જગ્યાઓ શિક્ષકો તેમજ આચાર્યની કેટલી છે તેનો પણ વિગતે અહેવાલ માંગ્યો છે.

સોમવારે રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પ્રવેશોત્સવના બદલાયેલા સ્વરૂપ તેમજ શિક્ષણમાં આમૂલ પરિવર્તન માટે સરકાર શું વિચારી રહી છે તે અંગે બ્રિફીંગ મિટીંગ વિડીયો કોન્ફરન્સ થકી રાખી છે. સવારે નવ વાગે આ કોન્ફરન્સ શરુ થશે અને તે બે કલાક ચાલશે. જેમાં શિક્ષણમાં આવી રહેલા પરિવર્તનો સહિતના નવા પ્રવેશોત્સવની વાતો વિગતે કરાશે.

આ પછી દરેક જિલ્લા કક્ષાની પ્રવેશોત્સવ સમિતિની બેઠકો યોજાશે જેમાં નવા રૂટ અને આયોજનને આખરી ઓપ અપાશે.

## કોંગ્રેસની બેઠક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોકે કોંગ્રેસના ના ચૂંટાયેલા સભ્યો પૈકી મોટાભાગના સભ્યો ગેરહાજર રહેલા સભ્યો સાથે સમાધાન ન કરવું જોઈએ તે બાબતે મક્કમ છે. બીજી તરફ જે ૬ સભ્યો ગેરહાજર રહ્યા હતા તે કોંગ્રેસના જ સૈનિક હોવાનો રાગ આલાપી રહ્યા છે.

ટુંકમાં ૧૫મીએ મળનારી તાલુકા પંચાયતની સભા મહત્વની બની રહેશે એટલું જ નહિ જિલ્લાના રાજકારણમાં આવનારા બદલાવના પણ સંકેત આપશે તેવી વાતો રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહી છે.

## રઝળપાટ

● ચોથા પાનાનું ચાલું

એ નક્કી છે તો પોલ પોગ્બાની ફાંસ વધુ તૈયાર અને સતર્ક લાગી રહી છે. બ્રાઝીલને ભલે પેલે એ જીતવાની ઉમ્મીદ થી દુર ગણાવી હોય પણ નેમાર, ફિલિપ, માર્સેલો જેવા ખેલાડીઓ જો ચાલ્યા તો બ્રાઝીલ છઠ્ઠી વાર ટ્રોફી ઊંચકી શકે છે. અને હા નવા કેપ્ટન ટોની ક્રૂસ ની આગેવાનીવાળી જર્મની કેમ ભૂલાય? ક્લોસ, મુલર અને અનુભવી ગોલકીપર નુયેર આ વખતે વર્લ્ડકપ ઉચકવાની કોશિશોમાં કોઈ કસર નહિ છોડે એ નક્કી છે અને જો એમ થશે તો જર્મની બ્રાઝીલના સૌથી વધુ વર્લ્ડકપ જીતવાના રેકોર્ડની બરાબરી કરી શકે છે...! જો કે આ તો જો અને તો છે અને ખાસ તો આ બધી ટીમોનું છેલ્લા કેટલાક સમયના પ્રદર્શન પર આધારિત અનુમાન છે, બાકી તો લગભગ ૬ કિલોથી વધુ ૧૮ કેરેટ સોનાવાળી ટ્રોફી ૧૫ જુલાઈએ કોણ ઊચકશે એ જોવા માટે રાહ જોવી જ રહી....! સો, ઓવર ટુ રુસ...!

**વિસામો :**

યાદ છે ને ૨૦૧૦ માં વર્લ્ડકપ મેચોના પરિણામની સચોટ આગાહી કરતો ઓક્ટોપસ...! આ વખતે ‘એચીલીસ’ નામની સફેદ બિલ્લી આવી આગાહીઓ કરવાની છે...!

